ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# સતત વરસાદી માહોલથી ખેલૈયાઓમાં ભારે ચિંતા

## આકાશમાં અંગડાઈ લેતા વાદળોથી ગરબા પ્રેમીઓ દ્વિધામાં



ગાંધીનગર, તા. ૧૧

નવલી નવરાતના આડે હવે ગણતરીના દિવસો જ રહ્યા છે. નવદુર્ગાની ભક્તિના આ દિવ્ય તહેવારમાં ગરબે ગુમવા નવયૌવન થનગની રહ્યું છે. ત્યારે આસોની અજવાળી રાત પૂર્વે રોજબરોજ આકાશમાં અંગડાઈ લેતા અષાઢી વાદળો ગરબારસિકો માટે ચિંતાનું કારણ બન્યા છે. મેઘરાજાનો મિજાજ ખેલૈયાઓ માટે કદાચ અપસેટ ન સર્જે તેની ચિંતા ગરબારસિકોને સતાવી રહી છે. ગત વર્ષે પણ વરસાદી વિઘ્ન વચ્ચે નવરાતની ઉજવણીમાં થોડી ખલેલ પહોંચી હતી, ત્યારે આ વખતે પણ વરસાદી વાતાવરણના લીધે ખેલૈયાઓ દ્વીધામાં મુકાયા છે.

નવદુર્ગાની ભક્તિના પર્વ નવરાતની ઉજવણીને લઈ ગાંધીનગરમાં વિશેષ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. કર્મચારીનગરની બીબાઢાળ મોસમમાંથી સાંસ્કૃતિક નગરી તરીકે ઉભરતા ગાંધીનગરની નવરાત્રિ મોટા શહેરોમાં બે મોઢે વખણાય છે. એકબાજુ નવરાત્રિના આડે હવે ૧૫ દિવસ જ બાકી રહ્યા છે ત્યારે સતત વરસાદી વાતાવરણ યથાવત રહેતા આ વખતે પણ વરસાદ નવરાત્રીની મજા નથી બગાડે ને તેવો ભય અને ચિંતા ખેલૈયાઓને સતાવી રહ્યા છે. જ્યારે ગરબાના આયોજકો પણ વરસાદી વાદળોના ઘેરાવાથી ચિંતિત છે. મોઘાદાટ ભાતીગળ વસ્ત્રો ઉપરાંત ગરબાની અવનવી સ્ટાઈલ સાથે ગરબે ઘુમવા સજ્જ થઈ રહેલા ખેલૈયાઓમાં વરસાદ ચિંતાનું કારણ બન્યો છે. નવરાતમાં નવદુર્ગાની ભક્તિ સાથે કલા અને સંસ્કૃતિને ઉજાગર કરવા ગરબારસિકો ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે ઉત્સુક બન્યા છે. જ્યારે મેઘરાજા પણ હાલની સ્થિતિએ જાણે મેદાન છોડવા તૈયાર નથી. ગત વર્ષે પણ નવરાત દરમિયાન અષાઢી માહોલ છવાયેલો જોવા મળ્યો હતો. ત્યારે આ વરસે વરસાદ વિલન ન બને તેવી આશા સાથે ગરબાપ્રેમીઓ નવરાત તરફ મીટ માંડીને બેઠા છે.

# આગામી સપ્તાહના અંતમાં એક દિવસ માટે પાણી પુરવઠો સંપૂર્ણ બંધ રહેશે

## ગુડા વિસ્તારમાં પાણીની લાઈનમાં જોડાણ માટેનું કામ હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરમાં આગામી સપ્તાહના અંતમાં એક દિવસ માટે પાણી પુરવઠાનો સપ્લાય સંપૂર્ણ પણે બંધ રાખવામાં આવશે. ગુડા વિસ્તારમાં પાણીની લાઈનનું કામ હાથ ધરવામાં આવનાર છે. જેના લીધે લાઈનનું જોડાણ આપવાનું હોવાથી શહેરના સેક્ટરોમાં એક દિવસ માટે પાણી પુરવઠો સંપૂર્ણ પણે બંધ રાખવામાં આવશે.

શહેરમાં પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ થયા બાદ હાલ સેક્ટરોમાં સવારે કોમન સપ્લાયથી પાણી આપવામાં આવે છે. જ્યારે પાણી વિસ્તરણ વ્યવસ્થા અપગ્રેડ થયા બાદ સેક્ટરોમાં પાણીની પોકાર ઉઠવાનો પ્રશ્ન પ્રમાણમાં મહદઅંશે હલ થઈ ગયો છે. શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા પણ ગુડા વિસ્તારમાં પાણીની સુવિધા માટે કામ હાથ ધરવામાં આવ્યું છે. આ કામગીરીને અનુલક્ષી પાણીની લાઈનનું જોડાણ આપવા ટુંકમાં કામ હાથ ધરવામાં આવનાર છે. નર્મદાની મુખ્ય લાઈનમાંથી આવતા પાણીને લઈ ગુડા વિસ્તારની લાઈનને જોડાણ આપવા આગામી સપ્તાહના અંતમાં કામ હાથ ધરાશે. વરસાદની દ્દષ્ટિએ પરિસ્થિતિ સાનુકુળ હશે તો આ કામગીરી પૂર્ણ કરી દેવાશે. જેના પરિણામે તા. ૨૦ સપ્ટેમ્બરના રોજ શહેરમાં સંપૂર્ણ પાણી પુરવઠાનો સપ્લાય બંધ થશે તેવી સંભાવના છે. પાણી પુરવઠો એક દિવસ માટે સંપૂર્ણ બંધ રાખવાની ફરજ પડે તેમ હોવાથી રહીશોને પણ ઉપયોગમાં તકીદારી રાખી આ મામલે જાગૃત રહેવું પડશે.

# મેડીકલ કોલેજના ચોથા વર્ષની મંજૂરી માટે કાઉન્સીલમાં અરજી

## ૧૫૦ બેઠકોની ક્ષમતા ધરાવતી કોલેજે શૈક્ષણિક જગતમાં આગવી ઓળખ ઉભી કરી છે

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર મેડીકલ કોલેજે ચોથા વર્ષના અભ્યાસક્રમની મંજૂરી માંગતી અરજી આજે મેડિકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયામાં કરી દીધી છે.

૧૫૦ બેઠકોની ક્ષમતા ધરાવતી આ કોલેજમાં ત્રણ વર્ષના અભ્યાસક્રમની મંજુરી મળી ચુકી છે. ચોથા વર્ષના અભ્યાસક્રમ માટે ૧૫ સપ્ટેમ્બર સુધીમાં કાઉન્સીલને અરજી કરવાની હોય છે કોલેજે આજે આ અંગેની અરજી તૈયાર કરીને કાઉન્સીલને મોકલી આપી છે.

ચોથા શૈક્ષણિક વર્ષ માટેની મંજૂરી માટે જરુરી એવી ૪૫૦ પથારીની સુવિધા આગામી બે માસમાં પૂર્ણ કરી દેવામાં આવશે. આ માટે હોસ્પિટલમાં જરુરી આયોજન કરી દેવાયું છે. આ મહિને ૭૫ પથારી અને આવતા મહિને બીજી ૭૫ પથારીની સુવિધા ઉપલબ્ધ થઈ જશે. ખાસ કરીને સર્જરી, ગાયનેક, મેડીસીનમાં પહેલા તબક્કામાં પથારીની સુવિધાઓ વધારવામાં આવશે.

કોલેજમાં પણ પાંચથી ૧૦ જેટલા નવા અધ્યાપકોની નિમણુંક અંગેની કાર્યવાહી ચાલુ હોવાનું કોલેજના સૂત્રોમાંથી જાણવા મળ્યું છે. મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર મેડીકલ કોલેજમાં હાલ ૩૫૦ પથારીની સુવિધા છે.

કોલેજનું બિલ્ડીંગ સંપૂર્ણ તૈયાર થઈ ગયું છે તો હોસ્પિટલ માટેની જરુરી સુવિધાઓ સાથેનું બિલ્ડીંગ તૈયાર થઈ રહ્યું છે. આ નવા બિલ્ડીંગને કોર્પોરેટ લુક આપવાનું આયોજન હોવાથી નવું બિલ્ડીંગ તૈયાર થતાં હજુ બેથી ત્રણ માસ જેટલો સમય લાગશે.

ગાંધીનગર મેડીકલ કોલેજ માટે રાજય સરકારે ચાલુ વર્ષના અંદાજપત્રમાં રૂ. ૧૦૦ કરોડની ફાળવણી કરી છે જે પણ ઉલ્લેખનીય છે. ગાંધીનગર મેડીકલ કોલેજ ચાલુ થયાને ૩ વર્ષ પૂર્ણ થયા છે અને હાલ કોલેજમાં ચારસોથી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. ગાંધીનગર મેડીકલ કોલેજે શૈક્ષણિક ક્ષેત્રે તેની આગવી ઓળખ પ્રસ્થાપિત કરી દીધી છે.

કોલેજના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે કાઉન્સીલ દ્વારા ડિસેમ્બર અથવા જાન્યુઆરીમાં ઈન્સ્પેકશન હાથ ધરાશે. તે પૂર્વે લગભગ તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવશે. આ મેડીકલ કોલેજને અત્યાર સુધીમાં ૧૨થી પણ વધુ દેહદાન મળી ચુકયા છે.

## ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગર જિલ્લાના આરોગ્ય તંત્ર એ વડોદરાના પૂરગ્રસ્તો માટે ૩ મેડીકલ ટીમો તૈનાત કરી છે.
- આરોગ્ય તંત્રએ તેના તમામ અધિકારીઓ કર્મચારીઓની રજાઓ રદ કરી છે.
- ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા બાંધકામની પરવાનગી નકશાની મંજૂરી તેમજ બી.યુ. પરમીશન માટેની અરજીઓનો સ્વીકાર કરવાની કાર્યવાહી શરુ કરી દીધી છે.
- ગાંધીનગર જિલ્લાના ભાજપ-કોંગ્રેસના આગેવાનો માતર વિધાનસભાના પ્રચારમાં વ્યસ્ત બન્યા છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં કોંગ્રેસમાં બળવો કરનારા સભ્યો સામે કરાયેલ પક્ષાંતર ધારા ભંગ ફરિયાદની આજે મુદત છે.

## સિવિલ સુપ્રિ. તરીકે ડૉ. સૈયદ નિમાયા

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ તરીકે ડૉ. એસ.એસ. સૈયદની નિમણુંક કરતા હુકમો આજે આરોગ્ય વિભાગ દ્વારા જારી કરવામાં આવ્યા છે.

ડૉ. સૈયદ હાલ ગાંધીનગર મેડીકલ કોલેજમાં એનોટોમી વિભાગના વડા તરીકે સેવાઓ આપી રહ્યા છે.

ડૉ. સૈયદ તેમની આ નવી નિમણુંકનો ચાર્જ મેડીકલ કોલેજના ડીન ડૉ. અરૂણ વ્યાસ પાસેથી લેશે. ડૉ. અરૂણ વ્યાસને મેડીકલ સુપ્રિટેન્ડન્ટનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો હતો.

# શહેરમાં બપોર બાદ વરસાદનો વિરામ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરમાં આજે પણ મેઘ મહેર ચાલુ રહી હતી. નગરમાં પાછલી રાત્રે ૧૨.૫ મી.મી. વરસાદ વરસ્યો હતો. જ્યારે દિવસ દરમ્યાન ૬.૫ મી.મી. વરસાદ નોંધાયો હતો. જો કે આજે બપોર પછી વરસાદે પોરો ખાતા નગરજનોએ રાહતની લાગણી અનુભવી હતી.

છેલ્લા સપ્તાહથી સતત વરસી રહેલા વરસાદના કારણે નગરજનોમાં ખાસ કરીને ગૃહીણીઓ ભેજવાળા વાતાવરણથી અકળાવા લાગી હતી. લગભગ દરેક ઘરોમાં ભીના કપડાંની હારમાળાઓ લટકતી જોવા મળી રહી છે. આજે બપોર પછી વરસાદ અટકતા આ ગૃહીણીઓએ રાહત અનુભવી હતી અને શાકભાજી વગેરે ખરીદવા બહાર નીકળી હતી. સાંજના સમયે એક તબક્કે સૂર્યદેવતાના પણ દર્શન થતા નગરજોએ હાશકારો અનુભવ્યો હતો. જો કે વહેલી સવારે વરસેલા વરસાદના કારણે હજુ પણ ઠેર ઠેર પાણી ભરાયેલા જોવા મળી રહ્યાં છે. ગઈકાલ રાતના ૧૨.૫ મીમી અને આજના દિવસના ૬.૫ મીમી વરસાદ સાથે કુલ ૧૮.૫ મી.મી. વરસાદ ગઈકાલે નોંધાયો હતો. આ સાથે સીઝનનો કુલ વરસાદ ૬૪૯ મીમી થઈ જવા પામ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરમાં ખેલમહાકુંભ બેટન રેલીનું પ્રસ્થાન






## રમશે ગુજરાત, જીતશે ગુજરાતનો મંત્ર સાકાર કરીને પ્રત્યેક પરિવાર ખેલ મહાકુંભ સાથે જોડાય : ભાગ્યેશ જ્હા

ગાંધીનગર, તા. ૧૧

૨૦૧૪ અંતર્ગત ગાંધીનગરના ટાઉનહોલ ખાતે પંચ ધાતુની મશાલ સાથેની રાજ્યના ખ્યાતનામ ખેલાડીઓની બેટન રેલીને પ્રસ્થાન કરાવતા રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના સચિવ ડૉ. ભાગ્યેશ જ્હાએ 'રમશે ગુજરાત, જીતશે ગુજરાત' મંત્રને સાકાર કરવા રાજ્યના યુવાનોને આહવાન કર્યું હતું. તેમણે રાજ્યમાં વધુ ને વધુ યુવાનો આ ખેલ મહાકુંભમાં જોડાઈને પોતાના રમત કૌશલ્યને ઝળકાવે તેવો અનુરોધ પણ કર્યો હતો.

આ પ્રસંગે સચિવ ભાગ્યેશ જ્હાએ જણાવ્યું હતું કે, રાજ્યના પ્રત્યેક પરિવારમાંથી એક વ્યક્તિ ખેલ મહાકુંભમાં જોડાય તે માટે સૌ કોઈ નાગરિકો પ્રવૃત્ત થાય અને આ વખતે વધારે માં વધારે ખેલાડીઓનુ રજિસ્ટ્રેશન થાય.

આ પ્રસંગે યોજાયેલાં કાર્યક્રમની શરૂઆતમાં સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના ડાયરેક્ટર સંદીપ પ્રધાને ખેલ મહાકુંભની વિગત આપી જણાવ્યું હતું કે, ગત વર્ષે ૪૦ હજાર જેટલાં ખેલાડીઓએ આ મહાકુંભમાં ભાગ લીધો હતો અને લાખો રૂપિયાના ઈનામો જીત્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે ઓલમ્પિકમાં સફળતા મેળવનારા રાજ્યના યુવા ખેલાડીઓને પ્રોત્સાહન આપવાના ભાગરૂપે રૂ. પાંચ કરોડના પુરસ્કારની જાહેરાત કરી છે એ જ રીતે રાજ્ય સરકારે નેશનલ ચેમ્પીયનશીપમાં સફળ થયેલા રાજ્યના ખેલાડીને પણ પ્રોત્સાહન પુરૂ પાડ્યું છે.

ગુજરાત રાજ્યની સ્વર્ણિમ જયંતિની ઉજવણીના ઉપક્રમે રાજ્ય સરકાર દ્વારા જુદા જુદા વિભાગ દ્વારા પ્રજાલક્ષી કામગીરી કરવામાં આવેલ. આ ઉજવણીમાં રમત ક્ષેત્રને પણ સાંકળીને રાજ્યમાં નાનામાં નાના ગામડામાં વસતી પ્રજા રમત પ્રત્યે સારો અભિગમ દાખવે, પોતાના શારીરિક સ્વાસ્થ્યને સારૂ રાખવા અને તંદુરસ્ત લાંબુ આયુષ્ય ભોગવવા સક્ષમ બને તથા રમત ક્ષેત્રમાં આગળ આવીને પોતાના ગામ, શહેર, તાલુકા,

● અનુસંધાન પાન-૭ પર

# હિરાબાનાં ઘરની આસપાસનો વિસ્તાર સીસીટીવી કેમેરાથી સજ્જ

## મોદીની સલામતીના ભાગરૂપે પાંચ કેમેરા લગાડી, ઝાડી-ઝાંખરા અને ઝાડની આડાશ દૂર કરી દેવાઈ : સે-૨૨માં પોલીસની સતત ચાંપતી નજર





ગાંધીનગર, તા.૧૧

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ૧૭ તારીખની ગાંધીનગરની મુલાકાતને લઈ ગાંધીનગર શહેરને ૧૪ તારીખથી જ લશ્કરી છાવણીમાં ફેરવી દેવામાં આવશે અને તેમના અવર જવરના માર્ગ પરના ઝાડી-ઝાંખરા કપાવી દઈ શંકાસ્પદ પડેલી તમામ બિનવારસી વસ્તુઓને હટાવી લેવામાં આવી છે તો બીજી તરફ સે-૨૨ ખાતે રહેતા તેમના માતા હિરાબાને પણ જન્મદિને નરેન્દ્ર મોદી મળવા જશે તેથી તેમના ઘરની આસપાસનો વિસ્તાર પણ સીસીટીવી કેમેરાથી સજ્જ કરી દેવામાં આવ્યો છે.

સેકટર-૨૨ ખાતે સરકારી આવાસમાં રહેતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના માતા હિરાબાના ઘરથી ૫૦ મીટરના અંતરમાં ત્રણ સીસીટીવી કેમેરા ઉપરાંત આસપાસમાં મળીને

● અનુસંધાન પાન-૭ પર

**PUBLIC NOTICE**

BEFORE THE MOTOR ACCIDENT CLAIMS TRIBUNAL ALIBAG AT RAIGAD

M.A.C.NO. 275/03

Exh No. 41/D

Shri. Shivaji Baburao Kedari & Oths — Applicant

Versus

United India Ass. Co. Ltd. — Opponents

To,

**Opponents No. 1**

M/s Kejwal Transport
Pro. Parimal Poppat,
Magarwada, Moti Daman

WHEREAS, the above named applicant has filed an application for getting compensation on account of accidental injuries sustained to son of the applicant in the road accident which took place on 13.7.02 of Kolkha Weight Bridge, on Mumbai Pune Highway, and within the jurisdiction of Panvel police station Tal. Panvel Dist. Raigad.

You are hereby given notice to appear in the Tribunal in person or by pleader duly instructed and to file your say on or before **18.09.2014 at 10.30 a.m.** failing which the said application will be heard in your absence and determined ex-partee against you.

Given under my hand and seal of the Court this **22/08/2014.**

Jr. Clark, District Court, Alibaug - Raigad (Court Seal) Superintendent, District Court, Alibaug- Raigad

# મહાત્મા મંદિરમાં દવા ઉદ્યોગના ત્રિદિવસીય પ્રદર્શનનો પ્રારંભ

## દવા ઉદ્યોગ સંબંધિત મુદ્દાઓની ચર્ચા માટે ૧૩મીએ સેમિનાર પણ યોજાશે

ગાંધીનગર, તા. ૧૧

દવા ઉદ્યોગના મહાકુંભ સમાન ત્રણ દિવસીય પ્રદર્શનનો મહાત્મા મંદિર ખાતે આજે પ્રારંભ કરવામાં આવ્યો હતો. ઈન્ડિયન ડ્રગ્સ મેન્યુફેક્ચર્સ એસોસિએશન મુંબઈના પ્રમુખ એસ.વી. વીરરામાનીના હસ્તે પ્રદર્શનનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું. ફાર્મેક ઈન્ડીયાના પ્રદર્શનનું આયોજન અગાઉ પાંચ વર્ષ પૂર્વે પણ કરવામાં આવ્યું હતું.

ઓર્બિટ એક્ઝિબિશન્સ પ્રાઈવેટ લીમીટેડ તથા આઈ.ડી.એસ. એ ગુજરાત સ્ટેટ બોર્ડ દ્વારા આ ત્રિદિવસીય પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ઉભરતા આ પ્રદર્શનના માધ્યમથી બલ્ક ડ્રગ ઉત્પાદકો, ફાર્મા મશિનરી, ઉપકરણોના ઉત્પાદકો, લેબોરેટરીઝ મટિરિયલ તેમજ વોટર ટેકનોલોજીના સપ્લાયર્સ એક જ છત્ર હેઠળ એકત્રિત થાય છે. દવા ઉદ્યોગના વીકલી સેગમેન્ટના હિતધારકો માટે સેતુ સમાન બનીને આ પ્રદર્શને ઉદ્યોગના વિકાસમાં નોંધપાત્ર ફાળો આપ્યો છે.

ઉદ્દઘાટન પ્રસંગે ડ્રગ્સ મેન્યુફેક્ચર્સ એસોસિએશનના પ્રમુખ વીરરામાનીએ જણાવ્યું હતું કે નેટવર્કના જમાનામાં સમગ્ર વિશ્વ નાનુ થઈ ગયું છે. ત્યારે નેટવર્કને વિચારવાનું અગત્યનું બની રહ્યું છે. એક આંતરરાષ્ટ્રીય પ્રદર્શન તરીકે ફાર્મેક ઈન્ડીયા આ ક્ષેત્રની કંપનીઓને તેમના ઉત્પાદકો રજૂ કરવાની તક પુરી પાડવાની સાથે નવા સંપર્ક પ્રસ્થાપિત કરવાનું માધ્યમ બનશે.

આ પ્રસંગે આઈડીએમએ-જીએસબીના ચેરમેન ભરત દેસાઈએ જણાવ્યું હતું કે હું એવી આશા રાખું છે કે ફાર્મેક ઈન્ડિયાના ત્રણ દિવસો દરમિયાન અહીં જે કંઈ ચર્ચા વિચારણા થશે તે આગળ જતા દવા

● અનુસંધાન પાન-૭ પર

SANGHI CEMENT | KisaN | ashirvad C. PVC, UPVC | TATA STEEL • PIPES • SHEETS | VINAYAK 500 TMT BARS - ISI | BENELAVE BATH FITTINGS | DR.FIXIT

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જ્હા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com